# <u>મંત્રવિજ્ઞાન ભાગ – ૧</u>

- <u>વિનોદ કપાસી</u>

## ➢ પૂર્વભૂમિકા :

મંત્રવિજ્ઞાનને જાણતા પહેલા તેના મૂળની શરુઆત તંત્રવિજ્ઞાનથી કરવી પડે છે. તંત્ર એટલે શું ? તંત્રનો ઈતિહાસ ખૂબ જૂનો છે. તંત્ર એ ભારતીય ઉપખંડની વિવિધ અને સમૃદ્ધ આધ્યાત્મિક પ્રથા છે. વિવિધ પ્રકારનાં વિચારો અને પ્રવૃત્તિઓ વ્યવસ્થા/System હેઠળ આવે છે. તંત્ર દ્વારા જ જ્ઞાનનો વિસ્તાર થાય છે. તંત્ર તેના વિવિધ સ્વરૂપોમાં ભારત, નેપાળ, ચીન, જાપાન, તિબેટ, કોરિયા, કમ્બોડિયા, મ્યાનમાર, ઇન્ડોનેશિયા, અને મંગોલિયામાં અસ્તિત્વમાં છે. જોકે તેનું વ્યાપક અને પ્રાચીન સ્વરૂપ હવે અદ્રશ્ય થયું છે. તંત્ર એટલે ભારતીયોનું એક પ્રકારનું પ્રાચીન શાસ્ત્ર જેમાં રહસ્યાત્મક મંત્રો, પ્રયોગો, અને ક્રિયાઓનો સમાવેશ થાય છે. તંત્ર, અગમ, નિગમ ત્રણ સમાનાર્થી શબ્દો તરીકે ઓળખાય છે. જેમ વેદોનું હિરણ્યગર્ભ અથવા બ્રહ્મ સાથે સંશ્લેષણ કરવામાં આવે છે. તેમ તંત્રનું મૂળ રૂપે શિવ અને શક્તિ સાથે સંશ્લેષણ કરવામાં આવે છે. તંત્રવિદ્યામાં દિવ્યચેતના અને શક્તિ એટલે કે શિવ અને પાર્વતીને આરાધ્ય માનવામાં આવે છે. તે માટે તે મોટે ભાગે આ બે વચ્ચેના સંવાદનાં સ્વરૂપમાં હોય છે. આ તંત્રની વસ્તુઓ રહસ્યમય રીતે કહેવામાં આવે છે. શિવ અને શક્તિની એકરૂપતાથી આ તંત્રવિદ્યાની ઉત્પત્તિ થઈ. સમય જતાં તેમાં અઘોરીઓ આવ્યા તેમણે પોત પોતાની ઈચ્છા મુજબ આ તંત્રવિદ્યાનો ઉપયોગ કર્યો. આ તંત્રો મંત્રોના ચયનથી ચાલતાં હતાં.

આગમ પહેલાંના ધર્મગ્રંથોને પુરવ કહેવાય છે. એવું માનવમાં આવે છે કે મંત્રવિદ્યા તેનાથી પણ જૂની છે. જૈન ધર્મમાં મંત્રવિદ્યાનાં કેટલાંક મૂળ મળી આવે છે તે નીચે પ્રમાણે છે.

- જૈન ધર્મના કેશીગણધર નિમિત્તશાસ્ત્રમાં પ્રવીણ હતા. નિમિત્ત શાસ્ત્ર એટલે મંત્ર પર આધારિત શાસ્ત્ર. તે પરથી ખ્યાલ આવે છે કે મંત્રવિદ્યા કેટલી પ્રાચીન છે.
- મહાવીર સ્વામીએ ગોચાલકને મંત્રવિદ્યા આપી હતી તે જાણવામાં આવે છે.

- માંડેસૂરિએ સૂરિમંત્રની રચના કરી હતી.
- જીનપ્રગસૂરિએ પણ મંત્રો દ્વારા વિદ્યાદેવીની આરાધના કરી હતી.
- દિગંબર ધર્મગ્રંથમાં પણ મંત્રવિદ્યાના ઉલ્લેખો મળી આવે છે. તેમાં લખેલું છે કે મંત્રથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે .
- સ્થાનાંગસૂત્રમાં શીતોલેશ્યા અને તેજોલેશ્યાની કથાનો ઉલ્લેખ જોવા મળે છે.
- સમવાયંગસૂત્રમાં ૭૨ જાતની કલાનો ઉલ્લેખ થયો છે. તેમાંની એક છે મંત્રવિદ્યા.
- જ્ઞાતિધર્મ કથામાં પણ મંત્રમાંથી દવા, ચૂર્ણ કઈ રીતે બનાવવા, તેનો ઉલ્લેખ થયો છે.
- વિપાકસૂત્રમાં પ્રિયસંગ રાજાની વાત જોવા મળે છે.
- દસવૈકાલિકસૂત્રમાં પણ કયા પ્રકારની દવાઓ બનાવી શકાય તે માટેનાં ઉપદેશો આપ્યાં છે.

આ પરથી ખ્યાલ આવે છે કે મંત્રવિદ્યા કેટલી પ્રાચીન ને કેટલી વિસ્તૃત પ્રમાણમાં ભારતમાં પ્રચલિત હતી. આજે પણ તે દુનિયાભરમાં પ્રચલિત છે. બ્રિટિશ સમયની વાત કરીએ તો ૧૮૬૫માં કલકત્તામાં રેહતા સર જૉન જ્યોર્ડ વુડૉ્બ ભારતના સર્વોત્તમ ન્યાયાધીશ બન્યા. પણ તેમણે તંત્રમંત્રમાં રસ હતો, તેથી સંસ્કૃતભાષા શીખી તેમાં તંત્રવિદ્યા શીખી અને તંત્ર-મંત્ર પર આધારિત પંદર પુસ્તકો લખ્યાં.

મંત્ર એટલે શું? મંત્ર એટલે મનનું રક્ષણ કરવું મંત્ર વિદ્યાથી કર્મની નિર્જરામાં સહાયતા મળે છે. આ કર્મની નિર્જરા માટે બાર પ્રકારનાં તથ્યોની આવશ્યકતા હોય છે. તેમાંનું એક તથ્ય છે સ્વાધ્યાય જેમાં વાંચના, તુચ્છના અને પુનરાવર્તનનો સમાવેશ થાય છે. મંત્રનું પુનરાવર્તન એટલે કે વારંવાર કોઈ મંત્રનું રટણ કરવાથી ધ્યાન કે તપ કરવામાં આવે છે. પરંતુ આ મંત્રનો ઉપયોગ ધન કે પ્રતિષ્ઠા વધારવા કે શિષ્યો વધારવા કરવો નહીં. મંત્રોના અનેક પ્રકાર છે. પ્રત્યેક મંત્ર, શરીરના અમુક ચોક્કસ ભાગમાં, એક વિશિષ્ટ પ્રકારની ઊર્જાને સક્રિય કરે છે. આવશ્યક એવી એ સભાનતા વગર, ફક્ત ધ્વનિનો પુનરુચ્ચાર મનમાં ફક્ત નિરુત્સાહિતા લાવે છે. ધ્વનિનું કોઈ પણ પ્રકારનો પુનરુચ્ચાર મન ને કાયમ નિરુત્સાહી બનાવે છે. પણ એ જ્યારે યોગ્ય રીતે અને સભાનપણે, એની સંપૂર્ણ સમજ સાથે કરવામાં આવે, તો મંત્ર એક અત્યંત

શક્તિશાળી સાધન બની શકે છે. એક વિજ્ઞાન તરીકે મંત્ર ખૂબજ શક્તિશાળી પાસું છે, પણ જો એને પાયાના જરૂરી જ્ઞાન વગર અને જરૂરી વાતાવરણ નિર્માણ કર્યા વગર શિખવવામાં આવે, તો એ ઘણું નુકસાન કરી શકે છે કારણકે આ એક વ્યક્તિલક્ષી વિજ્ઞાન છે. ગાયત્રી મંત્ર જેવા સામાન્ય મંત્રનું અશુદ્ધ ઉચ્ચારણ કરતાં ઘણાં લોકો પોતાનું જ નુકસાન કરે છે.

જેમ હિન્દુધર્મમાં ગાયત્રીમંત્ર તેમ જૈનધર્મમાં નવકારમંત્ર અને ૐકારમંત્ર પ્રચલિત છે. જૈનોમાં મંત્રવિદ્યાની શરૂઆત ક્યારથી થઈ એ કહેવું મુશ્કેલ છે. જૈન ધર્મમાં આગમ સાહિત્યમાં ચમત્કારિત પ્રયોગોના અનેક દાખલા મળી આવે છે. ચૌદ પર્વોમાં જે દસમો વિદ્યાનુવાદ પર્વ છે તેમાં અનેક મંત્ર પ્રયોગોનું વર્ણન થયેલું હતું. પણ આજે તે ઉપલબ્ધ નથી. મળી આવેલ 'બ્રુહત્કલ્પસૂત્ર'માં જાદુના ઉલ્લેખ છે. જેમાં કૌમ, ભૂઈ, પાસીન, પાસિન નિમિત્ત સમાવેશ થાય છે. મહાવીરના મુખ્ય શિષ્ય ગૌતમે અને ૧૧ ગણધરોએ સૂત્રરૂપમાં દ્વાદશાંગગણિ પિટકમાં સંગ્રહ કર્યો. આ ગણધરોને આગમ કહેવાય છે અને તેમના દ્વારા રચાયેલા સાહિત્યને આગમ સાહિત્ય કહેવાય છે.

ૐ હિંદુ ધર્મનો સૌથી પવિત્ર શબ્દ છે. ૐનું સંયોજન અ+ઓ+મ્ એમ થાય છે. આ શબ્દ પુરા બ્રહ્માંડને દર્શાવે છે. ॐ ચિન્હ "**ઓમ**" શબ્દનું પ્રતીક છે અને વેદોમાં "**ઓમ**" શબ્દની જગ્યાએ ॐ ચિહ્નો પ્રયોગ કરવામાં આવ્યો છે. વિશ્વની ઉત્પત્તિ થઈ ત્યારે સૌપ્રથમ ધ્વનિ **"ૐ"** પ્રગટ થઈ એવું માનવામાં આવે છે. ૐને પ્રણવ મંત્ર કહેવાય છે. લગભગ બધાં જ મંત્રોમાં ૐનો સમાવેશ થાય છે. ૐ શબ્દનું મહત્વ બતાવતા શાસ્ત્રોમાં લખવામાં આવે છે કે ૐ શબ્દ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશથી જોડાયેલો છે. આ શબ્દનું ઉચ્ચારણ કરતાં સમયે આપણે સીધા પરમાત્મા સાથે જોડાઈએ છીએ અને આ જ કારણને લીધે જ્યારે પણ આપણે ધ્યાન કરીએ છીએ કે પૂજા કરીએ છીએ ત્યારે ૐ શબ્દ જરૂરથી બોલીએ છીએ. જૈનધર્મમાં જોવા જઈએ તો એમાં ચોવીસ તીર્થંકરો, દેવતાઓ બધાંનો સમાવેશ થઈ જાય છે. પ્રાણાયમ હોય કે જાપ, સાધના કરતી વખતે ૐનો ચોક્કસપણે સમાવેશ કરવામાં આવે છે. ૐ એક પ્રકારનું મંત્રબીજ (ઉચ્ચારણના સંયોજનને મંત્રબીજ કહેવાય છે)છે. ૐને વામ (શિવ) કે વર્તુળ પણ કહેવામાં આવે છે. મંત્રનો ઉચ્ચાર કરતી વખતે ધ્વનિઓ હવામાં પ્રસરે છે. ધ્વનિતરંગોની વાત કરતાં

ખ્યાલમાં આવે છે કે સંસ્કૃત વર્ણમાળામાં પૂર્વજોએ કેટલી સુંદર રીતે ધ્વનિઓને ધ્યાનમાં રાખીને તેનું અર્થઘટન કર્યું છે. આ મંત્રોના ઉચ્ચારણ ઉદ્દભવતા ધ્વનિતરંગોમાં એવી શક્તિ રહેલી છે જે આત્મા અને પરમાત્માને એકરૂપ કરી દે છે. અને પરમ આનંદનો અનુભવ થાય છે. આ ધ્વનિતરંગો માછલીઓમાં પણ જોવા મળે છે, **ઉદાહરણ તરીકે:** એક વ્હેલ માછલી બે થી ત્રણ કિલોમીટરના અંતર સુધી ધ્વનિતરંગો દ્વારા સંદેશાવ્યવહાર કરી શકે છે. માત્ર માછલી કે જીવ નહીં પરંતુ વનસ્પતિ પણ કેટલીક માત્રામાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ અવાજ સાંભળી કે બોલી શકે છે. આચરણઅનુસૂત્રમાં લખ્યું છે કે વનસ્પતિને કાપવાથી કે કચડવાથી તેને દુઃખ થાય છે અને એમ જૈન આગમો પણ માને છે. યોગમાં કસરત કરવી એનો અર્થ માત્ર યોગ નથી પણ તેમાં મનની અને શરીરની સ્થિરતા આવશ્યક છે. તેવી જ રીતે મંત્રવિજ્ઞાનમાં પણ મનની સ્થિરતા આવશ્યક છે. જો કોઈ વ્યક્તિ સાધના કરવા બેસે તો તેનામાં ધાર્મિકતા, શ્રદ્ધા, બ્રહ્મચાર્ય, નિંદાહીનતા, કરુણા એવાં કેટલાક લક્ષણો હોવા આવશ્યક છે.

જૈન ધર્મમાં જો કોઈ સૌથી પ્રભાવશાળી મંત્રબીજ હોય તો તે છે **"હ્રીં"**. "હ્રીં"ને શક્તિબીજ કે માયાબીજ પણ કહેવાય છે. તેનું સંયોજન હ્+ર+ઈ+મ્ એમ થાય છે. તેનો જપ કરવાથી ધ્વનિ કંપનને લીધે શરીરમાં ઉષ્મા પ્રગટ થાય છે. એવું મંત્રશાસ્ત્રીઓએ કહ્યું, ત્યારબાદ વૈજ્ઞાનિકોએ સિદ્ધ કર્યું છે. આ મંત્ર દુઃખ દૂર કરવામાં અને શિવ તથા શક્તિનો આશીર્વાદ એકસાથે મેળવવામાં ઉપયોગી થાય છે. તે ઉપરાંત **"શ્રીં"** એટલે પૃથ્વીબીજ, **સ્વા:** એટલે વાયુબીજ, **ઐં** એટલે જ્ઞાનબીજ, અને સરસ્વતી માતાનો બીજ પણ કહેવાય છે.

- **આ મંત્રોની સાધના કઇ રીતે કરવી?**

પ્રથમ તો સાધના કરવા માટે જગ્યાની પસંદગી કરવી. ત્યારબાદ સમય અને સ્થાન નિશ્ચિત કરવો. ત્યારબાદ કોઈ એક મંત્રનું ચયન કરવું અને વારંવાર તેનું ઉચ્ચારણ કરવાથી દિવ્ય વાતાવરણનું સર્જન થાય છે, અને અંતરમાં આધ્યાત્મિકતાનો પ્રવેશ થાય છે.

➢ <u>**પ્રાચીન ભારતીય મહર્ષિઓ દ્વારા જણાવેલ ચાર મહત્વપૂર્ણ યોગ.**</u>

- **મંત્રયોગ**
- **હઠયોગ**
- **લયયોગ**
- **રાજયોગ**
- **મંત્રયોગ** : મનથી મંત્રો દ્વારા જે દેવી-દેવતાનું પૂજન કરવામાં આવે છે, શાસ્ત્રોમાં તેને મંત્રયોગ કહેવામાં આવે છે.
- **હઠયોગ** : યોગિક વ્યાયામો વગેરેની પ્રેક્ટિસ દ્વારા, જે સ્થૂલ શરીર સાથે સંબંધિત છે, સ્થૂળ શરીરની બધી ઇન્દ્રિયો અને મન પર સંપૂર્ણ નિયંત્રણ સ્થાપિત કરીને, સ્થૂળ અને સૂક્ષ્મ, બધી પ્રવૃત્તિઓ કે જે નિયંત્રિત કરવા માટે છે, શરીરના મન ચળવળ, બધાં હઠયોગ હેઠળ છે.
- **લયયોગ** : સુષુમ્ના નદીમાં લગાવેલા ષટ્કોણનું વેધન કરીને, સંઘમાં રહેલી પરમ શક્તિ કુંડલિનીને જન્મ આપે, સહસ્ત્રલાદકમલ પરમપુરુષમાં લયની શૈલી લયયોગ હેઠળ આવે છે.

- પતાંજલિ કહે છે, યોગ માટે ધ્યાન કરવાની આવશ્યકતા છે અને તેને માટે એકાગ્રતા અને નિર્દેશાત્મકતાની ખૂબ જરૂર છે. જૈનોના ચાર પ્રકારનાં ધ્યાનમાંથી ધર્મધ્યાનમાં આવતા પદસ્થ્યધ્યાનમાં મંત્રયોગ અને મંત્રધ્યાનને આલેખાયું છે.

જૈન ધર્મમાં પાર્શ્વનાથ ભગવાન માટે એમ કહેવાય છે કે, માત્ર તેમના નામના સ્મરણથી ભય, શોક, દુઃખ અને જીવનમાં બીજા વિકારો નાશ પામે છે. જૈન ધર્મના કેટલાંક સૂત્રોમાં વેદ વિજ્ઞાન, ગણિત, મંત્ર, અને ધર્મની વાત જોવા મળે છે. જૈનધર્મ અને સાહિત્યએ વિશ્વાસ સાથે મંત્ર અને મંત્ર વિજ્ઞાન પર ખુબ ભાર આપ્યો છે. તેને જાદુટોણાં નહીં તેને જાદુટોણાં નહીં પણ શ્રદ્ધા, આત્મવિશ્વાસ અને હૃદયથી કરવામાં આવે તો તે ફળે છે.

****************************